હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન આ વેક્સિનથી કોરોના જતો રહેશે... પણ આ નોકરી જતી રહી છે એનું શું કરવાનું ???

ગાંધીનગરમાં રેકર્ડબ્રેક ગરમી : પારો ૪૦.૫ ડીગ્રી

સિઝનની મહત્તમ ગરમી : મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયુ : દિવસ દરમિયાન આકરા તાપથી બચવા નાગરિકો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં આજે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ છે. ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાતા મહત્તમ તાપમાન ૪૦.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન તાપ આકરો બનતા રજાના દિવસે બપોરના સમયે સેકટરોની શેરીઓ અને બજારમાં સન્નાટો જોવા મળ્યો હતો. ગરમી ઉગ્ર બનતા દિવસ દરમિયાન ગરમીથી બચવા માટે નગરજનોએ ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. હોળી ધુળેટીના પર્વ પુર્વે જ ગરમીએ ઉગ્ર મિજાજ દાખવતા આગામી દિવસોમાં આગ ઝરતી ગરમી પડશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

ગાંધીનગરમાં માર્ચ મહીનાના અંતે હોળી પુર્વે ગરમીનો પારો ઉગ્ર બન્યો છે. ગરમી અને ઠંડીનો પારામાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. ગઇકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે ગરમી ૪૦ ડીગ્રીની ઉપર પહોંચી જતા નગરજનોએ દિવસ દરમિયાન અસહ્ય ગરમી અનુભવી હતી. આજે મહત્તમ તાપમાન ૪૦.૫ ડીગ્રી નોંધાયુ હતુ. અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. દિવસ દરમિયાન ચામડીને દાહ આપતા તાપથી બચવા નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા હતા જયારે હોળી ધુળેટીના પર્વ પુર્વે સતત ત્રણ રજા હોવાથી દિવસ દરમિયાન શહેરમાં પણ સુનકાર છવાયેલો જોવા મળ્યો હતો. આકરા તાપથી બચવા સેકટરવાસીઓ કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા. ગરમીનો પારો સતત ઉપર ચઢતા ઉનાળો હવે વધુ આકરો બનવા તરફ હોવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ત્યારે ઓફિસ અને ઘરોમાં પણ એ સી અને એરકુલરો ધમધમતા થઇ ગયા છે. બજારમાં પણ શેરડીના રસ, તરબુચ અને ટેટી જેવા ફળોનુ વેચાણ વધ્યુ છે. રાત્રિના સમયે આઇસ્ક્રીમ પાર્લરો પણ ધમધતા જોવા મળે છે. બીજીતરફ આજે ગરમી વધવાની સાથે લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ૧ ડીગ્રી ગગડયુ હતુ. ઠંડીનો પારો ૧૭ ડીગ્રીએ રહ્યો હતો. ગરમીએ માથુ ઉંચકતા ઉનાળો આકરો બન્યો છે. જયારે આગામી દિવસોમાં હજુ વધુ ગરમી પડશે તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

ખૂણેખાંચરેથી

- આગામી ૩૦મી માર્ચના રોજ કલોલ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા મળશે.
- ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન વાહન વ્યવહાર ઓછોજણાયોહતો.
- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૮૫૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ૩૦મીની સામાન્ય સભાને કારણે ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત નાયબ જિલ્લા વિકાસ અધિકારીને તાત્કાલિક અસરથી કલેક્ટર ઓફિસમાં ત્રીજા માળે કચેરી ફાળવવામાં આવી છે.
- આજે ચૂંટણી અધિકારીઓની કચેરી બહાર થયેલ ગનથી સ્ક્રીનીંગ અને સેનેટાઈઝરથી હાથ સાફ કરાવવા ઉપરાંત માસ્કની પણ ખાસ સુવિધા રાખવામાં આવી છે.
- રાજયના પૂર્વ ગૃહ રાજયમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી કોરોનાથી સંક્રમિત થયા છે.

ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી બદલાયા

ખર્ચ નીરીક્ષક તરીકે બિપીનભાઈ જોગરાજીયા અને નીરીક્ષક તરીકે કે. ભીમજીયાણીની નિમણુંક કરતુ ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં વોર્ડ નં. ૧-૨ ના ચૂંટણી અધિકારી અને વોર્ડ ૩-૪ના મદદનીશ ચૂંટણી અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી અન્ય અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે.

આજે ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થઈ ગયુ છે. વોર્ડ નં. ૧-૨ માં ચૂંટણી અધિકારી તરીકે કલોલ પ્રાંત અધિકારીને નિયુક્ત કરવામાં આવ્યા છે જ્યારે વોર્ડ નં. ૩-૪ માં મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે કલોલ મામલતદારને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ અધિકારીઓએ તેમની ચૂંટણીની જવાબદારી સ્વીકારી અને ફરજ પર હાજર થઈ ગયા છે.

દરમ્યાન રાજ્ય ચૂંટણી પંચે પણ મહાનગરપાલિકાના ચૂંટણી નિરીક્ષક તરીકે સેટલમેન્ટ કમિશનર કૌશિકભાઈ ભીમજીયાણીની નિયુક્તી કરી છે અને નિરીક્ષક તરીકે બિપીનભાઈ જોગરાજીયા સહાયક વેરા કમિશનર અમદાવાદની નિમણુંક કરી છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવાર દીઠ રૂ. ૬ લાખના ખર્ચની મર્યાદા નિયત કરવામાં આવી છે. ઉમેદવારી પત્ર આખરી થયા બાદ ઉમેદવારોએ દર ૪ દિવસે તેમના હિસાબો રજુ કરવાના રહેશે.

મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે નિમાયેલા સામાન્ય નિરીક્ષક તરીકે નિમાયેલા ભીમજીયાણીએ ગઈકાલે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા યોજાયેલી સમીક્ષા બેઠકમાં પણ હાજરી આપી હતી. ચૂંટણી પંચે આ સામાન્ય ચૂંટણીમાં કોરોનાની ગાઈડલાઈનનુ ચુસ્તતાથી અમલ કરવા માટે તમામ ચૂંટણી અધિકારીઓને કડક તાકીદ કરી છે.

જિલ્લાતંત્રએ મનપાના નાયબ મ્યુનિ. કમિશનરને નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ચૂંટણી જાહેર થયા પછી ટેન્ડરો જારી કરવાના મુદ્દે જિલ્લાતંત્રએ નાયબ મ્યુનિ. કમિશનરને નોટીસ આપી અને તેમનો ખુલાસો માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા બે ટેન્ડર નોટીસ ચૂંટણીની આચારસંહિતા પછી જારી કરવામાં આવ્યાના અખબારી અહેવાલો ટાંકી અને જિલ્લાતંત્રએ ખુલાસો માંગ્યો છે.

ચૂંટણીની આચારસંહિતાનો અસરકારક અમલ આ વખતે કરવામાં આવશે. ૧ હજારથી વધુ પોસ્ટર્સ અને બેનર અને હોર્ડિંગ્સ પણ દૂર કરવામાં આવ્યા છે. જો કે આચારસંહિતા ભંગની હજુ કોઈ લેખિત ફરિયાદ તંત્રને મળી ન હોવાનું જાણવા મળેલ છે.

કુડાસણના રહીશો આગબબુલા નર્મદાનુ પાણી નહીં તો વોટ નહીં

કુડાસણમાં પાણી અને સ્ટ્રીટ લાઇટની પ્રાથમિક સુવિધાનો અભાવ : પ્રમુખ સિગ્નેચર સોસાયટીના રહીશોએ આક્રોશ વ્યકત કર્યો

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાનુ ચુંટણી જાહેર થાય બાદ હવે ઉમેદવારોની યાદી પણ ટુંકમાં જાહેર થશે. જયારે મતદારો પણ વિકાસની સોહામણી વાતો વચ્ચે હીસાબ લેવાના મુડમાં છે. કોર્પોરેશનમાં સમાવિષ્ટ નવા વિસ્તારમાં નાગરિકોને હજુ માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. કુડાસણની પ્રમુખ સિગ્નેચર સોસાયટીના રહીશોએ નર્મદાનુ પાણી નહીં મળતુ હોવાનો રોષ ઠાલવી સ્ટ્રીટ લાઇટ અને સફાઇના મામલે પણ આક્રોશ વ્યકત કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણી જાહેર થયા બાદ હાલ ઉમેદવારોની યાદી હવે આખરી થવામાં છે. ત્યારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વિકાસની ભરમાર વચ્ચે આમ નાગરિકોને હજુ પાણી, રસ્તા અને ગટર સહિતની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થતી ન હોવાનો આક્રોશ પણ ચરમસીમાએ પહોંચ્યો છે. સેકટરોની સાથે શહેર આસપાસના વિસ્તારોમાં પણ ગંદકી ખદબદી રહી છે. જેના લીધે ચુંટણી ટાંણે હવે મતદારો આગ બબુલા બન્યા છે.

શહેર નજીક સ્થિત ગુડા વિસ્તારમાં આવતી કેટલીક

સોસાયટીઓએ નર્મદાનુ પાણી ન મળતુ હોવાની સાથે સ્ટ્રીટ લાઇટ અને સફાઇના પ્રશ્ને આક્રોશ વ્યકત કર્યો છે. કુડાસણની પ્રમુખ સિગ્નેચર સોસાયટીના રહીશોએ આ અંગે રોષ વ્યકત કરતા જણાંવ્યુ છે કે છેલ્લા ઘણાં સમયથી અમને નર્મદાનુ પાણી મળતુ નથી. જયારે આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટો પણ બંધ છે. જયારે કેટલાક ઠેકાણે સ્ટ્રીટ લાઇટો જ નથી. કુડાસણમાં ૯૦ થી વધુ સોસાયટીઓમાં રહીશોનો વસવાટ છે. આ ઉપરાંત બંગ્લોઝ અને ફલેટની સ્કીમ ઉપરાંત કોર્મશિયલ કોમ્પલેક્ષો પણ ધમધમે છે. આમછતા આ વિસ્તારમાં હજુ માળખાગત સુવિધાઓ પર્યાપ્ત નથી. જેના લીધે પ્રમુખ સિગ્નેચર ઓનર્સ એસોસિએશને જયાં સુધી નર્મદાનુ પાણી આપવાની યોજના હાથ નહીં ધરાય તેમજ સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા પણ યોગ્ય ન થાય ત્યાં સુધી ચુંટણીમાં મતદાન નહીં કરીએ આ વિસ્તારના રહીશોએ વધુમાં સફાઇ વ્યવસ્થા પણ પડી ભાંગી હોવાનો આક્રોશ વ્યકત કરતા જણાંવ્યુ છે કે છેલ્લા ઘણાં સમયથી સફાઇ ન થતા ગંદકીના ઢગ ખડકાયા છે. આ સઘળી વ્યવસ્થા નહીં ગોઠવાય તો ચુંટણીમાં મતદાન પણ કરવામાં આવશે નહીં.

આજે સે.૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે પાણીના કુંડાનું વિતરણ

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ડિસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર વેપારી મિત્રો દ્વારા તા.૨૮ માર્ચના રોજ ફટાકડા માર્કેટ પાર્કિંગ પેલેસ ખાતે સવારે ૧૦ થી ૮ સુધી પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ ચકલી માળા નું વિતરણ વિનામુલ્યે કરવામાં આવશે. કોરોના મહામારીને ધ્યાનમાં લઈને નાગરીકોને માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સ સહિતના નિયમ પાલન કરી આ સેવાનો લાભ લેવા વેપારી મિત્રો દ્વારા અનુરોધ કરાયો છે.

આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં સત્તા હાંસલ કરશે : ગોપાલ ઈટાલિયા

સુંદરકાંડના પાઠ બાદ આપના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરાઈ : ભાજપની સત્તાલાલસાએ કોરોનાકાળમાં ચૂંટણીઓ થોપી હોવાનો આપ પાર્ટીનો દાવો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં જવલંત દેખાવ કરીને સત્તા હાંસલ કરશે તેવો

આત્મવિશ્વાસ આજે આપ પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ વ્યકત કર્યો હતો.

વોર્ડ નં.	ઉમેદવાર
૧	રીનાબેન રાવલ
૩	ભરત જોષી
૩	જયેશ હળપતિ (અનુ. જનજાતિ)
૪	વંદનાબેન પોપટજી ઠાકોર
૪	ચંદ્રિકાબેન વાઘેલા
૪	પિયુષ પટેલ (અનુ. જાતિ)
૬	હસુમતી અનંત્રે શ્રીમાળી
૬	તુષાર પરીખ
૭	પારૂલબેન અલ્પેશભાઈ પટેલ
૮	આશિષબેન ઝાલા
૮	ગૌતમભાઈ રામાભાઈ પરમાર (અનિ. જાતિ)
૮	તુષાર પરીખ
૯	જયશ્રીબેન વાઘેલા
૯	હેતલબેન પિયુષ પટેલ
૯	દિવ્યાંગ ત્રિવેદી
૯	મહિપત ગઢવી
૧૦	હીના કિરણ દિવાન
૧૦	સંગીતાબેન દિલીપકુમાર પટેલ
૧૦	ડૉ. હાર્દિક તલાટી
૧૦	વીરેન્દ્રસિંહ ગોહિલ
૧૧	નીરૂબેન મકવાણા (અનુ. જાતિ)
૧૧	હેમલ પટેલ
૧૧	નારાયણભાઈ પટેલ

મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે ઉમેદવારોની સૌ પ્રથમ યાદી જાહેર કરવા સાથે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતુ કે ભાજપ અને કોંગ્રેસમાં કોઈ તફાવત નથી બંને પક્ષો એકબીજાના માસીયાઈ ભાઈઓ જેવા છે જેનાથી હવે પ્રજા ત્રાસી ચુકી છે અને છુટકારો માંગે છે. ઉમેદવારોની યાદી જાહેર કરતાં પહેલા આમ આદમી પાર્ટીએ સુંદરકાંડના પાઠ આયોજિત કર્યા હતા.

સરગાસણ ચાર રસ્તા પાસે અટ્રિયા બીઝનેસ હબ ખાતેના 'આપ'ના ઝોનલ કાર્યાલય ખાતે આજે ટિકિટ માટે દાવેદારો ઉમટી પડ્યાં હતા. કાર્યાલય ખાતે યોજાયેલા સુંદરકાંડના પાઠ બાદ ભરચક પત્રકાર પરિષદમાં ગોપાલ ઈટાલિયાએ ભાજપ-કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સાથે આમ આદમી પાર્ટીએ પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી ત્યારબાદ ઈટાલિયાએ આમ આદમી પાર્ટી દ્વારા ટિકિટવાંચ્છુ દાવેદારો પાસે ટિકિટ આપવાના બદલામાં રૂપિયા બે લાખનું ચૂંટણી ફંડ માંગવામાં આવતુ હોવાની ચાલી રહેલ વાતોનું ખંડન કરતાં જણાવ્યુ હતુ કે અમારી પાર્ટી પાસે નાણાંભંડોળ નથી પરંતુ અમે કોઈની પાસે ટિકિટ આપવાના બદલામાં નાણાં માંગતા હોવાની વાતો વ્હોટસએપ યુનિવર્સિટીની પેદાશ છે, હા અમે પાર્ટી પાસે ફંડ ઓછુ હોવાને કારણે દરેક કાર્યકર્તા શક્તિ મુજબ દાન ભંડોળ આપે તેવી અપેક્ષા જરૂર રાખી રહ્યાં છીએ. આ ઉપરાંત ગોપાલ ઈટાલિયાએ કોરોના સંક્રમણને પગલે 'અમે પણ ચૂંટણી મુલત્વી રાખવા માંગ કરી હતી' તેવો દાવો કર્યો હતો પરંતુ 'ભાજપની સત્તા લાલસાને કારણે ચૂંટણીઓ થોપી દેવાઈ છે જેથી અમારે લડવી પડી રહી છે' તેવો મત વ્યક્ત કર્યો હતો.

આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગોપાલ ઈટાલિયા ઉપરાંત આપ પાર્ટીના ઝોન પ્રભારી શિવકુમાર ઉપાધ્યાય, શહેર પ્રભારી રાજેશ શર્મા, પ્રદેશ ઉપપ્રમુખ ભેમાભાઈ ચૌધરી, અમદાવાદ ઝોન સંગઠન મંત્રી હસમુખ પટેલ, ઉપરાંત પૂર્વ કોંગ્રેસ શહેર પ્રમુખ તથા તાજેતરમાં આપ સાથે જોડાયેલા મુકેશ પટેલ સહિત હોદ્દેદારો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

શહેર-તાલુકામાં કોરોના બેફામ બન્યો

કુડાસણ, પેથાપુરમાં ૩-૩ કેસ સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ કેસ : કલોલમાં બે કેસ : સે. ૨૬ માં ૫, સે. ૮ માં ૩ કેસ ઉપરાંત સે. ૨૫, ૨૨, ૨૩, ૨૬, ૨ માં બે-બે કેસ ઉપરાંત સે. ૧, ૪, ૫, ૧૨, ૧૫, ૨૦ માંથી કેસો મળ્યા : જિલ્લામાં ૬ વિદ્યાર્થી સંક્રમિત થયા : ૧૬ મહિલા દર્દી મળી આવી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના વધુ ૩૯ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૫ અને શહેરમાં ૨૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ચેપ રેટ બે ટકાને પાર કરી ગયો હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા છે. બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામે ૭ કેસ કોરોનાના મળ્યા છે પણ તંત્રએ આજની યાદીમાં આ અંગે મૌન સેવ્યુ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ અને કલોલમાં વધુ બે કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ કેસોમાં પાંચ મહિલા દર્દી અને ત્રણ વિદ્યાર્થી, એક શિક્ષક અને એક આંગણવાડી કાર્યકર સંક્રમિત થયા છે. ગ્રામીણ વિસ્તારમાં આજે વધુ એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે ૧૫ કેસ નવા નોંધાયા છે જ્યારે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૧૦૦ના આંકને પાર કરી ગઈ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યુ છે. કોરોના જે રીતે વિકસી રહ્યો છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

પેથાપુરમાં એક આંગણવાડી કાર્યકર, એક વિદ્યાર્થી તેમજ એક શિક્ષક સંક્રમિત થતાં તાલુકાના શિક્ષણજગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં કુડાસણ અને પેથાપુરમાંથી ૩-૩ કેસ તો વાવોલ, ગિફ્ટસીટી અને સરગાસણમાંથી ૨-૨ કેસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાયસણ ગામેથી એક કેસ મળી આવેલ છે.

કલોલમાં અર્બન વિસ્તારમાંથી એક અને સઈજ ગામેથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૨૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૫ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૩૦૦ જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોના બેખોફ બની વિસ્તરી રહ્યો છે. શહેરમાં આજે ૨૪ કેસ નોંધાતાં તંત્રમાં દોડધામ વધી જવા પામી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારાતાં તેત્રએ તેને મંજુરી આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દી, ૩ વિદ્યાર્થી સંક્રમિત થયા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે અને મોટીવયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્ર ચિંતાતુર છે અને તંત્રએ મોટીવયના લોકોને અનિવાર્ય ન હોય તો બહાર નહિ નીકળવા અપીલ દોહરાવી છે.

શહેરમાં આજે સે. ૨૬ માં ૫ કેસ, સે. ૮ માં ૩ કેસ ઉપરાંત સે. ૨૨, ૨૩, ૨૫, ૬, ૨ માં બે-બે કેસ તેમજ સે. ૧, ૪,૫ , ૧૨, ૧૫, ૨૦ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એક કર્મયોગી, એક ખાનગી કંપનીનો કર્મચારી, ચોકલેટનો વેપારી, જી.પી.એસ.સી.નો ડેપ્યુટી એસ.ઓ., સ્ટાફ નર્સનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૦૦ને પાર કરી ગઈ છે. જો કે હોસ્પિટલાઈઝેશન ઓછુ હોવાથી તંત્રને થોડીક રાહત છે. તંત્રના સૂત્રોનું માનીએ તો કોરોના વિસ્તરી જરૂર રહ્યો છે પણ તેના લક્ષણો ઓછા ગંભીર પ્રકારના જોવા મળ્યા છે.

શહેરમાં આજે ૩ હજારથી વધુ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે અને ૨૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

આઈઆઈટી ગાંધીનગરના ૨૫ જેટલાં વિદ્યાર્થીઓ કોરોના પોઝીટીવ..!!

ગાંધીનગરમાં સતત વધી રહેલા કોરોના મહામારીના કેસોને પગલે ચિંતાનો માહોલ સર્જાયો છે. આ સ્થિતિમાં પાલજ સ્થિત આઈઆઈટી કેમ્પસમાં પણ ૨૫ જેટલાં વિદ્યાર્થીઓ કોરોનાની ચપેટમાં આવ્યાં હોવાના સમાચારો પ્રાપ્ત થતા હડકંપ મચી જવા પામ્યો છે. આઈઆઈટી કેમ્પસમાં તાત્કાલિક ધોરણે આવન-જાવન પર નિયંત્રણો લાદી દેવામાં આવ્યાં છે અને સંક્રમિત વિદ્યાર્થીઓને કોરોન્ટાઈન કરી દેવાયાં છે. પ્રાપ્ત વિગતો અનુસાર આઈઆઈટી ગાંધીનગરમાં આમ તો અત્યારે ઓનલાઈન શિક્ષણ જ ચાલી રહ્યું છે પરંતુ કેમ્પસમાં મોટી સંખ્યામાં અન્ય રાજ્યોના અને બહાર ગામના વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરી રહ્યાં છે જેઓ સંક્રમણનો ભોગ બન્યાં છે. મળતી માહિતી મુજબ છેલ્લાં ત્રણેક દિવસમાં આ વિદ્યાર્થીઓ પોઝીટીવ આવ્યાં છે જેનો આંકડો ૨૫ સુધી પહોંચ્યો છે જેમાં કેટલાંક વિદ્યાર્થીઓ અમદાવાદ મોટેરા ખાતે ક્રિકેટ મેચ જોવા ગયાં હતા તેવું પણ ચર્ચાઈ રહ્યું છે.

મુક્તિધામ ખાતે કોરોના પોઝીટીવ મૃતકોના અગ્નિ સંસ્કારનો પ્રારંભ

રાજયના પાટનગરમાં કોરોનાના વધતા જતા સંક્રમણને લઈ રાજય સરકાર પણ ચિંતાગ્રસ્ત બની છે. રાજયમાં શનિવારના કોવીડના ૨૨૭૬ દર્દીઓ નોંધાયા છે. જયારે વિવિધ શહેરમાંથી ૫ દર્દીઓના મૃત્યું નિપજયા છે. ત્યારે કોરોના પાર્ટ માં પણ પાટનગરમાં હાહાકાર મચી જવા પામી છે. કોવીડ હોસ્પિટલ ૧૦૦ થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે. ત્યારે કોવીડમાં મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ મુકિતધામ ખાતે કોરોના પોઝીટીવ ૪ અને સરગાસણ રૂદ્રભુમિ ખાતે એક મૃતકના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. જયારે ગતરોજ પણ કોરોનામાં જીવ ગુમાવ્યો હોય તેવા ૬ મૃતકોના અંતિમવિધી કરાઈ હતી. ત્યારે શહેરમાં કોરોના સંક્રમણના કેસ વધવાની સાથે સાથે મૃતકોની સંખ્યા પણ વધતા સ્થાનિક નાગરીકોમાં ફફડાટ ફેલાયો છે. ત્યારે ગત વર્ષ જેવી ગંભીર પરિસ્થિતિ શહેરમાં ના સર્જાય તે માટે આરોગ્ય વિભાગ અને તંત્ર ખડેપગે છે. એક તરફ તહેવારોની મૌસમ અને લગ્ન સિઝન તો બીજીતરફ મહાનગર પાલિકાની ચુંટણી ઢોલ વાગી ચુકયા છે. જેથી અત્યારે હાલના સમયે આગામી સમયમાં કોરોનાના કેસ વધશે કે ઘટશે તે કહેવુ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે.

મનપાનો જંગ લડવા ઈચ્છુક ૧૦૦ ઉમેદવારો ઉમેદવારીપત્ર લઈ ગયા

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવાના પ્રથમ દિવસે ૧૦૦ જેટલા ઉમેદવારી પત્રો ટિકિટવાંચ્છુઓ આજે જંગ લડવા ઈચ્છુકો દ્વારા લઈ જવામાં આવ્યા છે. મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે આજે વિધિવત રીતે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

મનપાની ચૂંટણી માટે મુખ્ય બે સ્પર્ધક પક્ષો ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર થઈ નથી. આપે આજે તેના ૨૩ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

મનપાની ચૂંટણીમાં રૂ. ૫૦ ચુકવી અને ઉમેદવારી પત્ર લેવાનું હોવાથી ઉમેદવારો હોળી સામે હોવાથી આજે ઓછા આવ્યા હતા. વોર્ડ નં. ૧-૨ માં ૨૧, વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ માં ૨૮, વોર્ડ નં. ૩-૪ માં ૬ અને વોર્ડ નં. ૫-૬ માં ૨ જંગ લડવા ઈચ્છુક ઉમેદવારો ફોર્મ લઈ ગયા હતા.

વાવોલમાં રસીકરણ અભિયાન હાથ ધરાયું

ગાંધીનગરના વાવોલ ખાતે કોવિડ-૧૯ પ્રતિરોધક રસીકરણ અભિયાન ખુબજ જોરશોરમાં ચાલી રહ્યું છે. આ રસીકરણ અભિયાનમાં સ્થાનિક અગ્રણીઓ પણ નાગરિકોને પ્રોત્સાહિત કરીને રસી લેવા માટે પ્રેરિત કરી રહ્યા છે. વાવોલ વિસ્તારમાં કોરોના સંક્રમણ નાબૂદ થાય તે હેતુથી આજે સરકારી પ્રાથમિક શાળા ઉપરાંત કુંજ હાઇટ્સ અને શાલવિક શુકન જેવી સોસાયટીઓમાં યોજાયેલા રસીકરણ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણી અને યુવા નેતા ઘનશ્યામસિંહ ગોલે સતત ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા જેના કારણે રસીકરણનો નાગરિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ ડેન્ગ્યુ-સ્વાઈનફ્લૂ જેવી બીમારીઓના સંક્રમણ સમયે અને કોરોના લોકડાઉન દરમ્યાન પણ વાવોલ વિસ્તારની સોસાયટીઓને જંતુનાશક દવાઓના છંટકાવ તેમજ સેનેટાઈઝેશન કરવામાં પણ ઘનશ્યામસિંહ ગોલે સક્રિયતા દર્શાવીને નાગરિકોનું જાહેર સ્વાસ્થ્ય જળવાય તે માટે પ્રયત્નો કર્યા હતા. વાવોલ ખાતે આજના રસીકરણ અભિયાનમાં મોટી આદરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફે સેવાઓ પૂરી પાડી હતી.